**<u>અમદાવાદના મહે.એડિ.ચીફ મેટ્રો.મેજી.સાહેબની કોર્ટ નં.૧૩ સમક્ષ. અમદાવાદ</u>**

**ફોજદારી કેસ નંબર:-25385/2020**

**7. Finding of the case**

આ કામના આરોપી સામે જી.પી.એકટ કલમ–૧૩૧ મુજબના ગુનાનો આરોપ છે. તે આરોપીએ સ્વૈચ્છાએ ગુનાની કબુલાત કરેલી છે.તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, પોતે ગરીબ અને મજુર વર્ગના માણસ છે અને આર્થિક પરિસ્થિતિ સારી નથી.ગુના બદલ તેઓ પસ્તાવો વ્યકત કરેલ છે અને કુટુંબની તમામ જવાબદારી તેમના ઉપર હોઈ, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહી કરવાનું જણાવેલ છે.અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતા તેમજ કબુલતા કરવા બંધાયેલ નથી તવી સમજ આપવા છતાં, આરોપીએ તેના નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુના નહિ કરે તેની ખાત્રી આપી,રહેમ કરવા અજુઆત કરેલ છે.

આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજુઆત તથા કબુલાત અને કેસના સંજોગોને ધ્યાને લેતાં તેમજ <u>ગુજરાત હાઈકાર્ટના ૨૦૦૫(૧) જી.એલ.આર ૭૦૯,સ્ટેટ ઓફ ગુજરાત –વિરુઘ્ધ–નટવર હરીશચંદજી ઠાકોર</u> ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતને લક્ષમાં રાખતા, જો પુરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ઘ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે.આ ચુકાદાના સિઘ્ધાંતને તથા આરોપીના સંજોગોને ઘ્યાને લેતાં આરોપીને હળવી તથા ઓછી સજા કરવા માટેના વિશિષ્ટ કારણો જણાતા હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાઈ તેમ હોઈ,ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**:: <u>હુ ક મ</u> ::**

**૧.** આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ:૨૫૨ અન્વયે જી.પી.એકટ કલમ–૧૩૧ મુજબનાં ગુના માટે તકસીરવાર ઠરાવી રૂા૦ ૧૦૦/–(એકં રૂપિયા એકસો પુરા) દંડનો હુકમ કરવામાં આવે છે.જો આરોપી દંડ ન ભરે તો દિન–૧(એક) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પે.સીટીંગ/લોક અદાલતમાં મારી સહી તથા અદાલતનો સિકકો કરી, જાહેર કર્યો.

તારીખ:૧૨/૦૩/૨૦૨૨
અમદાવાદ

(સુનંદા પ્રશાંત દુલેરા)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૩.અમદાવાદ.
કોડ નં. જીજે.૦૮૮૭.